**વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૯માં અમદાવાદ શહેર અને જિલ્લામાં મૂડીરોકાણ**

***15/4/725 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા): **માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | વર્ષ ૨૦૧૯ના વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં એમ.ઓ.યુ./કરાર અન્વયે અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા રોકાણકારોએ કેટલા પ્રોજેક્ટમાં કેટલા મૂડી રોકાણની જાહેરાત કરી હતી, | (૧) | કુલ-૪૨૭૭ પ્રોજેક્ટસના એમ.ઓ.યુ./ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયેલ છે. મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી. |
| (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કેટલી રકમના કેટલા પ્રોજેક્ટમાં વાસ્તવિક મૂડીરોકાણ થયા, અને | (૨) | મંજૂર થયેલ ૪૨૭૭ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી ૩૫૭૦ પ્રોજેક્ટસમાં રૂ.૨૧૨૨૦.૬૨ કરોડ<br><br>સામાન્ય રીતે નાના પ્રોજેક્ટને કમીશન્ડ થવામાં ૧ થી ૨ વર્ષનો સમય લાગતો હોય છે. જ્યારે મોટા પ્રોજેક્ટસને કમીશન્ડ થવામાં ૨ થી ૫ વર્ષ જેટલો સમય લાગતો હોય છે. મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે,પ્રોજેક્ટસ કમીશન્ડ થયા પછી પણ મૂડીરોકાણ થતું રહેતું હોય છે.<br><br>મોનિટરીંગ સિસ્ટમમાં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન ફાઈલ કરનાર ઈન્વેસ્ટર દ્વારા રજૂ થતી માહિતીના આધારે મૂડીરોકાણની વિગતો અપડેટ થતી હોય છે. આથી જ્યારે માહિતી અપડેટ થયેલ હોય તે તારીખ મુજબની વિગતો હોય છે, જેથી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જે ખરેખર મૂડીરોકાણ હોય તે સિસ્ટમમાં જોવા મળતું નથી, પરંતુ જે તારીખે માહિતી અપડેટ થયેલ હોય તે તારીખની હોય છે. આથી કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ પ્રોજેક્ટોમાં આવેલ મૂડીરોકાણોની વિગતો ઉપલબ્ધ થતી નથી,જેથી સિસ્ટમમાં જે મૂડીરોકાણની વિગતો ઉપલબ્ધ થાય છે તેનાથી વધારે મૂડીરોકાણ હોઈ શકે. |
| (૩) | કુલ કેટલા રોકાણકારો કરારમાંથી ખસી ગયા? | (૩) | ૩૩૧ પ્રોજેક્ટસના રોકાણકારો. |